ક્રમાંક :મા.વિ.૬/પરિપત્ર/૨૦૧૯/૯૧૯૫-૯૬૯

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા,પાલનપુર
તા.૧૨/૦૨/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

બનાસકાંઠા જિલ્લો,

વિષય:-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે લેવાનાર કારકિર્દી માર્ગદર્શન ટેસ્ટ અંગે શાળાઓના આચાર્યશ્રી/શિક્ષઓને બાયસેગ મારફતે તાલીમ આપવા બાબત.

સંદર્ભ:-ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ના તા.૧૨/૦૨/૨૦૧૯ પત્ર ક્રમાંક:-મઉમશબ /સંશોધન/૨૦૧૯/૧૧૩૫-૧૧૬૮ અન્વયે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે મોબાઈલ એપ બેઈઝડ કારકિર્દી માર્ગદર્શન ટેસ્ટ શ્યામચી આઈ ફાઉન્ડેશનના સહયોગથી લેવામાં આવનાર છે. આ ટેસ્ટ લેવા અંગે માર્ગદર્શન આપવા માટે માધ્યમિક શાળાઓના શિક્ષકોને બાયસેગના માધ્યમથી તા.૧૪/૦૨/૨૦૧૯ ના રોજ ૧૧:૦૦ થી ૧૩:૦૦ કલાક દરમ્યાન તાલીમ આપવામાં આવનાર છે. સંદર્ભદર્શિત અત્રેના જણાવ્યાનુસાર ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા અંગેની તાલીમના કાર્યક્રમની સાથે-સાથે ઉક્ત બાબતે પણ માર્ગદર્શન આપવામાં આવનાર છે.

આપની શાળાના શિક્ષકોશ્રીઓ તથા વહીવટી સ્ટાફ દર્શાવેલ તારીખ અને સમયે આ કાર્યક્રમમાં અચૂક હાજર રહી કાર્યક્રમ નિહાળે તેવું આયોજન આપની કક્ષાએથી કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર